જા.ક્ર.:મા-૧/૨૦૨૪/૧૧૮૯૦

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
એ-3, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત,
તા.૦૧/0૮/૨૦૨૪.

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ તમામ,
સુરત, જિ. સુરત.

આ સાથે સામેલ કમિશનરશ્રી, શાળાઓની કચેરી, ગાંધીનગરના તા.૨૯/૦૭/૨૦૨૪ના પત્ર ક્રમાંક: મઉમશબ/માધ્યમિક/એચ./પૂરક/૨૦૨૪/૧૯૦ની જાણ તથા અમલવારી સારું.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિ-સુરત

SSC પૂરક - 2024
ગુણચકાસણી / દફતર ચકાસણી
ગુણપત્રક / પ્રમાણપત્ર વિતરણ

ક્રમાંક:મઉમશબ/માધ્યમિક/એચ./પૂરક/2024/૨૧૦
ગુ.મા અને ઉ.મા શિક્ષણ બોર્ડ,
સેક્ટર-10/બી, સચિવાલય પાસે,
ગાંધીનગર.
તા:-29/07/2024

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
તમામ, ગુજરાત રાજ્ય.

વિષય:- ધોરણ-10 પૂરક-2024ની પરીક્ષાની ગુણચકાસણી/દફતર ચકાસણીની કામગીરી તથા પરિણામના ગુણપત્રક/પ્રમાણપત્ર/S.R. વિતરણ કરવા બાબત

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, પૂરક-2024માં ધોરણ-10 એસ.એસ.સી. પરીક્ષાના એક, બે તથા ત્રણ વિષયમાં ઉપસ્થિત ઉમેદવારોની પરીક્ષાનું પરિણામ તારીખ:-29/07/2024ના રોજ ઓનલાઇન જાહેર કરવામાં આવેલ છે. પરિણામ બાદ પરીક્ષા આપનાર ઉમેદવારો માટે ગુણચકાસણી અને દફતર ચકાસણી અને પૂરક-2024ની પરીક્ષામાં ઉપસ્થિત ઉમેદવારોના ગુણપત્રક/પ્રમાણપત્રના વિતરણની કાર્યવાહી કરવા નીચે મુજબની સૂચનાઓ પરિપત્રિત કરવામાં આવે છે. જેને ધ્યાને લઇ સ્થાનિક કક્ષાએ જવાબદારોને જણાવવું અને કાર્યવાહી થાય તેમ કરવા વિનંતી.

ગુણચકાસણી બાબત :-

પૂરક-2024ના એક – બે – ત્રણ અનુત્તીર્ણ ઉમેદવારનું ધોરણ-10નું ઓનલાઇન પરિણામ તારીખ:-29/07/2024ના રોજ જાહેર થયેલ છે. પરિણામ બાદ સૂચના મુજબ બોર્ડની વેબસાઇટ www.gseb.org પર ઓનલાઇન ગુણચકાસણીનું આવેદન ભરી શકાશે, આ માટે ઓફલાઇન / રજી. પોસ્ટ કે રૂબરૂ અરજી સ્વીકારવામાં આવશે નહીં. ગુણચકાસણીનું ઓનલાઇન રજીસ્ટ્રેશન કરવા માટે હવે પછી અખબારી યાદી દ્વારા જાણ કરવામાં આવશે. જેની સાથે ગુણચકાસણીની જરૂરી ફી અને ઓનલાઇન અરજી કરવા બાબતે વિગતવાર સૂચનાઓ બોર્ડની વેબસાઇટ પર મુકવામાં આવશે.

દફતર ચકાસણી બાબત :-

ધોરણ-10 પૂરક – 2024ના પરિણામ બાદ દફતર ચકાસણીની કાર્યવાહી જેમાં કે ઉમેદવારને આપેલા (બોર્ડ દ્વારા લેવામાં આવતી પરીક્ષાના એક-બે-ત્રણ વિષયોમાંથી જ) ગુણપત્રકમાં કોઇ અમુક વિષયમાં ઉમેદવારે પરીક્ષા આપેલ હોય અને અનુપસ્થિત (Absent) નોંધવામાં આવ્યો હોય તો અથવા ઉત્તરવહી પર ખોટો બેઠક ક્રમાંક લખ્યો છે કે અમુક વિષયમાં અન્ય ઉમેદવારના બેઠક નંબરથી પરીક્ષા આપેલ છે તેવા કિસ્સામાં ઉમેદવાર દ્વારા જે શાળામાંથી



CamScanner

આવેદનપત્ર ભરેલ હોય તે શાળામાંથી આ સાથે બિડેલ પરિશિષ્ટ – ૭માં દરખાસ્ત કરવાની રહેશે અને તેમાં માંગેલ તમામ આધારોનું બિડાણ કરી તારીખ:-29/07/2024 થી તારીખ:-07/08/2024 સુધી બોર્ડની માધ્યમિક શાખામાં "મદદનીશ સચિવ" માધ્યમિક શાખા, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર (દફતર દરખાસ્ત) એમ લખીને રૂબરૂ કે રજીસ્ટર્ડ ટપાલ દ્વારા મળી જાય તે રીતે મોકલવાની છે. સમયમર્યાદા બાદ આવેલ દરખાસ્તોને ધ્યાને લેવામાં આવશે નહીં. દફતર ચકાસણીની દરખાસ્તો માટે બોર્ડ દ્વારા કોઇ ફી નિર્ધારિત કરવામાં આવેલ નથી.

સમયમર્યાદામાં બંને કામગીરી થાય તે બાબતની સૂચના આપના તાબાની તમામ માધ્યમિક શાળાઓને થાય તેવી કાર્યવાહી કરવા વિનંતી.

➢ **નામ-સુધારો:**

1. આચાર્યશ્રીએ વાલી/વિદ્યાર્થીને ગુણપત્રક/પ્રમાણપત્રમાં નામ (અંગ્રેજી સ્પેલીંગ) ચકાસી જવા ખાસ જણાવવું અને નામમાં સુધારો કરાવવો જરૂરી હોય તો નામ સુધારો કરવા માટે નિયત સમય-મર્યાદામાં બિડેલ પરિશિષ્ટ 4, 4-અ અને 4-બ માં અરજી કરવાની રહેશે.
2. સુધારાની દરખાસ્ત જો કરવાની હોય તો ધોરણ-10 (S.S.C.)ની અસલ માર્કશીટ અને પ્રમાણપત્ર સામેલ રાખવું. G.R. અને L.C.ની પ્રમાણીત નકલ સાથે સામેલ રાખવી.
3. પરિણામની તા.29/07/2024 થી તા.28/10/2024 સુધીના ત્રણ માસ દરમિયાન પૂરક-2024ની પરિક્ષાના ઉમેદવારોના ગુણપત્રક અને પ્રમાણપત્રમાં સુધારા વિના મૂલ્યે કરી આપવામાં આવે છે. સમય-મર્યાદામાં મળેલ નામ સુધારા માટેની અરજીના ઉમેદવારને જ બોર્ડ દ્વારા સુધારા સાથેનું મૂળ ગુણપત્રક/પ્રમાણપત્ર વિનામૂલ્યે આપવામાં આવે છે. નિયત સમય-મર્યાદા મુદત બહારના કેસોમાં નિયત ફી ચુકવવાની રહેશે.

➢ ગુણપત્રક / પ્રમાણપત્ર / S.R. વિતરણ બાબતની સૂચનાઓ:-

1. પૂરક-2024ના ગુણપત્રકો અને પ્રમાણપત્રો તથા S.R. જિલ્લામાં શાળાના ઇન્ડેક્ષ નંબર વાઇઝ પેકીંગ કરવામાં આવેલ છે. વિતરણ માટે જિલ્લા કક્ષાએ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીએ મોકલી આપવામાં આવશે. ત્યારબાદ આપની કક્ષાએથી પૂરક-2024ના ગુણપત્રકો અને પ્રમાણપત્રો તથા S.R. સમયસર શાળા કક્ષાએ વિતરણ થઇ જાય તેવી વ્યવસ્થા ગોઠવવા વિનંતી.
2. શાળા કક્ષાએ ગુણપત્રક/પ્રમાણપત્ર પહોંચ્યા બાદ ઉમેદવારોને સમયસર મળી રહે તેવી કામગીરી કરવા શાળાઓને તાકિદ કરવા વિનંતી.
3. પૂરક-2024ના ગુણપત્રકો અને પ્રમાણપત્રો તથા S.R.ના થેલા ગાંધીનગર ખાતેથી મેળવવા અત્રેની કચેરીથી આદેશ કરી જાણ કરવામાં આવશે તે પ્રમાણે જ્યાં જે તે જિલ્લાના બોર્ડના પ્રતિનિધિના કચેરી આદેશ કરવામાં આવશે તેઓએ જિલ્લા કક્ષાએથી સૂચવ્યા મુજબ વાહન મેળવી સમયસર ગાંધીનગર કચેરીએ પહોંચે તે બાબતની જાણ સંબધિતોને કરવાની રહેશે અને જિલ્લા કક્ષાએ ગુણપત્રક/પ્રમાણપત્રના રીસીવીંગ કરનાર અધિકારીશ્રીને આપની કક્ષાએથી સૂચના આપશો જેથી તે મેળવી સમયસર વિતરણ થાય તેવી વ્યવસ્થા ગોઠવાઇ શકે.



CS CamScanner

4. શાળાઓ દ્વારા જ્યારે પરિણામના પેકેટ જિલ્લા કક્ષાએ નક્કી કરેલા સ્થળ પરથી મેળવવામાં આવે ત્યારે શાળાના પરીક્ષામાં સામેલ ઉમેદવારોના ગુણપત્રક/પ્રમાણપત્રની ચકાસણી કરી જો કોઇ શાળાને ગુણપત્રક/પ્રમાણપત્ર/S.R. મળેલ ન હોય તો દિન-05માં અત્રેની કચેરીના ઇ-મેઇલ આઇ.ડી. sscabc51@gmail.com પર શાળાએ લેટરહેડ પર લખી મેઇલ કરવાનો રહેશે, જેથી સમયસર તેઓની રજૂઆત પર કાર્યવાહી કરી શકાય.

(જે. કે. પટેલ)
નાયબ નિયામક (પરીક્ષા માધ્યમિક)
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર
માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

બિડાણ:-

1. પરિશિષ્ટ – 9
2. નામ સુધારા પરિશિષ્ટ 4, 4-અ અને 4-બ

સવિનય નકલ રવાના જાણ સારૂં:-

1. માનનીય અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
2. માનનીય નાયબ અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
3. માનનીય નિયામકશ્રી (પરીક્ષા), ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર



CS CamScanner

## પરિશિષ્ટ-૭

### 'ગેરહાજર' દર્શાવેલ અને તેવા કેસોમાં દફતર ચકાસણી માટે કરવાની અરજીનો નમૂનો
### (સમયમર્યાદામાં મોકલેલી દફતર ચકાસણીની અરજીઓ ફી ભરવાની રહેતી નથી.)

| દરખાસ્ત નંબર | |
|---|---|
| | |

પ્રતિ,

પરીક્ષા સચિવશ્રી,

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,

માધ્યમિક પરીક્ષા વિભાગ, સેક્ટર-10/બી,

સચિવાલય પાસે, ગાંધીનગર.

<u>વિષય:-</u> પૂરક-2024ની પરીક્ષામાં માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા દફતરની ચકાસણી બાબત

શ્રીમાન,

સવિનય હું પૂરક-2024ની ધોરણ-10 એસ.એસ.સી.ની માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા માટે દફતર ચકાસણી માટે અરજી કરું છું, જેની વિગતો નીચે પ્રમાણે છે.

1. જે વિષયમાં દફતર ચકાસણી કરાવવી હોય તે વિષયનું નામ ........................................
2. કઇ ભાષામાં આ વિષયના પેપરમાં જવાબ આપ્યા છે. ........................................
3. ગુણપત્રકમાં આ વિષયની શું સ્થિતિ દર્શાવી છે ? ........................................
4. પરીક્ષાનું કેન્દ્ર અને બેઠક નંબર ........................................
5. જો ઉમેદવારે જવાબવહી ઉપર ખોટો બેઠક નંબર લખ્યો હોય તો જવાબવહી ઉપર જે બેઠક નંબર લખ્યો હોય તે પુરાવા સહિત જણાવશો. ........................................
6. ઉમેદવારનું સંપૂર્ણ નામ (અટક સાથે) ........................................
7. ઉમેદવારનું સરનામું ........................................
8. જે વિષયમાં દફતર ચકાસણી માટે અરજી કરી હોય તે વિષયના ગમે તે સવાલના જવાબ દર્શાવતું આખું પાન ભરીને તેના નમૂના દાખલા હસ્તાક્ષર તે નીચે તેમની તથા આચાર્યશ્રીની સહી સહિતના સામેલ કરવા. ........................................
9. અરજી સાથે ઉમેદવારની ગુણપત્રકની નકલ તેમજ ફી રસીદની ઝેરોક્ષ નકલ અચૂક મોકલવી. ........................................

ઇતર નોંધ : ........................................

આપનો વિશ્વાસુ,

ઉમેદવારની સહી

ક્રમાંક : ........................

તારીખ : ........................

સવિનય રવાના , મેં. આચાર્યશ્રી મારફત

શાળાનો ઇન્ડેક્ષ નંબર : - ........................

સ્થળ : ........................................

........................................

તારીખ : ........................

શાળાના વડાની સહી / સિક્કો

CS CamScanner

# પરિશિષ્ટ-4

## નવી એસ.એસ.સી. પરીક્ષાના પ્રમાણપત્રમાં/ગુણપત્રકમાં અટક / નામ / પિતાના નામ તથા / જન્મતારીખમાં સુધારો કરવાની અરજીનો નમૂનો

પ્રતિ,
પરીક્ષા સચિવ,
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
પરીક્ષા વિભાગ,
ગાંધીનગર

શાળા ક્રમાંક : | | | | | |

**વિષય : માર્ચ/ઓક્ટોબર/જુલાઈ 20.........ની પરીક્ષામાં મારા પ્રમાણપત્રમાં / ગુણપત્રકમાં અટક / નામ / પિતાના નામ તથા/જન્મતારીખમાં સુધારો કરવા બાબત.**

મહોદય,

જયભારત સાથે જણાવવાનું કે, હું માર્ચ/ઓક્ટોબર-જુલાઈ ............. ની પરીક્ષામાં બેઠક નંબર .................. થી આપેલ તેના પ્રમાણપત્રમાં/ગુણપત્રકમાં અટક/નામ/પિતાના નામ તથા/જન્મ તારીખમાં સુધારો કરવા અરજી કરું છું. મારું અસલ પ્રમાણપત્ર આ સાથે મોકલું છું.

(1) ઉમેદવારનું નામ : (અંગ્રેજીમાં ભરવું) : ..........................................................................

(2) ઉમેદવારનું સરનામું : : ..........................................................................

: ..........................................................................

: ..........................................................................

: ..........................................................................

(3) પ્રમાણપત્રમાં સુધારો કરવાની જરૂરી વિગત (અંગ્રેજી કેપિટલ અક્ષરમાં ભરવી)

અટક/નામ/પિતાના નામ તથા/જન્મતારીખ/વિષયમાં ................................................... ના બદલે

............................ (X) જેમાં સુધારો હોય તે વિગત અંગ્રેજીમાં બતાવવી. લાગુ પડતું ન હોય તે છેંકી નાખવું.

(4) ઉમેદવારનું સુધારો કરવાનું નામ : ..........................................................................

(5) રેગ્યુલેશન-47(3) મુજબ જરૂરી લાગતી ફી રૂ.50/- (નવા સુધારા મુજબની વિગત

(અ) લાગત ફી ડિમાન્ડ ડ્રાફ્ટ કે મની ઓર્ડરથી મોકલી હોય તો

ડી.ડી./મ.ઓ. નંબર : ...................................... તારીખ : ........................

બેંકનું નામ/પો.ઓ.નું નામ : .................................... શાખા : ........................

(બ) રોકડેથી બોર્ડમાં લાગત ફી ભરી હોય તો

રોકડ રસીદ નંબર : ........................................ તારીખ : ........................

..........................................

**ઉમેદવારની સહી**

CS CamScanner

સવિનયર રવાના :

આચાર્યશ્રી ........................................................................................................ હાઈસ્કૂલ મારફતે

જાવક નંબર : ...............................

તારીખ : ...............................

સવિનય રવાના :

મેં. પરીક્ષા સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, પરીક્ષા વિભાગ, વડોદરા તરફ.

સદર હું ઉમેદવારનું નામ/અટક/પિતાનું નામ/જન્મતારીખ અને વિષયમાં સુધારો કરવા અંગે આ સાથે જરૂરી વિગતો અને પત્રકો સામેલ રાખી મોકલું છું.

જેમાં ........................................ ના બદલે ................................................ નો સુધારો કરવાનો છે. જે અમારી શાળાના ધો.10 ના જી.આર. મુજબ બરાબર છે. જેથી આ સુધારો કરવા ભલામણ છે. કરવામાં આવે છે.

શાળાનો ઈન્ડેક્ષ નંબર : ........................................

શાળાના આચાર્યનો સહી
અને સિક્કો

**નોંધ :**

(1) પ્રમાણપત્રમાં સુધારા માટેની અરજી પ્રમાણપત્ર મળ્યેથી ત્રણ મહિનાની મુદતની અંદર કરવામાં આવે તો કોલમ નં. 4(અ), (બ)માં વિગતો ભરવી નહીં.

(2) જે પ્રકારનો સુધારો કરવાનો હોય તે અંગ્રેજીમાં સ્પષ્ટ રીતે નિર્દેશ કરવો.

(3) જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કાઉન્ટર સાઈન સાથેનું જી.આર.ના ઉતારાવાળું પત્રક ફક્ત અંગ્રેજીમાં જ ભરવું.

(4) અરજી સાથે નીચેના બિડાણ મોકલવા જરૂરી છે.

1. ઉમેદવારનું અસલ પ્રમાણપત્ર
2. અરજીનો નમૂનો તથા જાહેરનામું
3. પ્રમાણિત કરેલી એલ.સી.ની ઝેરોક્ષ નકલ
4. ઉમેદવારના ધો.10ના જનરલ રજિસ્ટર પરથી ઉતારો કરી જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કાઉન્ટર સાઈન સાથેનું પત્રક (પરિશિષ્ટ-8)
5. રેગ્યુલેશન-47(3) મુજબ જરૂર લાગત ફી રૂ.50/- (નવા સુધારા પ્રમાણે) (ખાસ નોંધ નં. 3 વંચાણે લેવી.)
6. ધો. 10 ના જનરલ રજિસ્ટરની પ્રમાણિત કરેલી ઝેરોક્ષ નકલ.
7. શાળાના ધો.10 ના જનરલ રજિસ્ટરમાં પાછળથી સુધારો કરેલ હોય તો સુધારો કરવા અંગે પુરાવા સાથે સ્પષ્ટતા કરવી અને સમય મર્યાદામાં સુધારો કરવા અંગે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની મંજૂરી મેળવી હોય તો મંજૂરીપત્રની ઝેરોક્ષ પ્રમાણિત નકલ અવશ્ય મોકલવી. શાળાના જનરલ રજિસ્ટરમાં પાછળથી સુધારો કરેલ હોય તો જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની મંજૂરી મેળવવી આવશ્યક છે.
8. સોગંદનામું કે ગેઝેટના આધારે કરવામાં આવતો ન હોઈ આવા કેઈસ સુધારા માટે મોકલવા નહીં.

CS CamScanner

## પરિશિષ્ટ- 4 - અ

## પ્રમાણપત્રમાં અટક/નામ/જન્મતારીખ/પિતાના નામમાં સુધારો કરવા માટે શાળાના વડાએ ભરી મોકલવાનું જાહેરનામું

શાળા ક્રમાંક : | | | | | |

આથી હું નામે ............................................................................................. ના વડા તરીકે જાહેર કરું છું અને નીચે પ્રમાણે નિવેદન કરું છું કે,

(1) હું ............................................................................................. હાઈસ્કૂલના વડા તરીકે સદર શાળામાં માહે : ...................... 20 ................ થી કામ કરું છું.

(2) મેં શાળાનું ઉમેદવારનું જનરલ રજિસ્ટર જેમાં ધોરણ-8 થી 10 ના પ્રવેશ વખતે નામ નોંધાયેલ છે તેમાં અનુક્રમ નંબર .................... ઉપર ઉમેદવાર કુમાર/કુમારી ................................................ ની નોંધ નીચે પ્રમાણે છે.

(અ) તેમના સુધારાની વિગત (અંગ્રેજીમાં) : ............................................................

શાળાના ધો. 10 સુધીના જનરલ રજિસ્ટરમાં છે.

(બ) તેમની જન્મતારીખ આંકડામાં અંગ્રેજીમાં .............................. છે.

(3) આથી પ્રમાણિત કરું છું કે, જનરલ રજિસ્ટરમાં કરેલી નોંધ એમની નોંધ અનઅધિકૃત રીતે ફેરફાર કરેલ નથી.

(4) માહે માર્ચ/ઓક્ટોબર/જુલાઈ .............. એસ.એસ.સી. પરીક્ષામાં ઉમેદવાર મજકૂર બેઠક નંબર .................. કેન્દ્ર ...................... થી પરીક્ષા આપેલ છે. જેમાં ..................... થયેલ છે.

(5) પરીક્ષાના પ્રમાણપત્રો તા. ................... ના રોજ શાળાને મળ્યાં હતાં.

(X જે પ્રકારનો સુધારો કરવાનો હોય તે અંગ્રેજીમાં સ્પષ્ટ રીતે નિર્દેશ કરવો.)

શાળાના વડાની સહી, સિક્કો
અને તારીખ

શાળાનું નામ : ............................................

પુરું સરનામું : ............................................

............................................

............................................

CS CamScanner

## પરિશિષ્ટ- 4 - બ
## (માર્ગદર્શિકા પુસ્તિકા માર્ચ-2007 ના પાના નંબર-51 પછી 51-અ)
## Annexure - 4-B

| G.R. No. | Name in Full | Cast With Sub + Cast | Place of Birth | Date of Birth | Last School Attended | Date of Admission | Standard Class Admitted |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | |
| Exam Seat No. ____________ | | Progress | Conduct | Date of | Std. from | D.C. No. | |
| Year & Month of Passing : ____________ | | | | | | | |

I certify that I have verified the Surname, Father's name and Birh date from School General Register.

Date : ____________

Signature of the Principal
with Rubber Stamp

Signature of the District
Education officer,
____________ Dist.

Date : ____________

CS CamScann